ગાંધીનગર સમાચાર

રૂપાલમાં આજે ભવ્ય પલ્લી મેળો

# નવરાત્રીના અંતિમ ચરણે ખૈલેયાઓ ઉમટ્યા



## કલ્ચરલ ફોરમમાં આજે મહાઆરતી

નવરાત્રિ મહોત્સવની ઉજવણી અંતર્ગત કલ્ચરલ ફોરમમાં આજે પવિત્ર આઠમની રાતે માતાજીની મહાઆરતી યોજવામાં આવશે.આઠમની રાત્રે ૧૧:૩૦ કલાકે ભાવિકો ૨૧ હજાર દિવડા પ્રગટાવી માતાજીની આરતી ઉતારશે. કલ્ચરલ ફોરમમાં આઠમની મહાઆરતી નિહાળવા અને દર્શનનો લાભ લેવા રાજયના વિવિધ શહેરોમાંથી પણ ભાવિકો ઉમટી પડે છે. માતાજીના ચાંચર ચોકમાં અંબાજીની દિવ્ય જયોત તેમજ સુશોભિત રથની સાક્ષીએ આઠમની મહાઆરતીમાં ચાંચર ચોકમાં જગમગતા દિવડાઓનો પ્રકાશ પથરાશે. માતાજીની મહાઆરતીના અંતે અંબાજીથી ખાસ પ્રસાદની વ્યવસ્થા પણ ફોરમ દ્વારા કરવામાં આવી છે. અંબાજી શક્તિપીઠની પ્રતિકૃતિ સમા ચાંચર ચોકમાં મહાઆરતીના દિવ્ય ઓજસથી અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થશે.

## કલ્ચરલ ફોરમમાં અંબાજી શક્તિ પીઠની પ્રતિકૃતિમાં અદભુત કલાકૃતિના દર્શન : અંબાજીની દિવ્ય જયોત અને માતાજીના રથના દર્શન : કલ્ચરલ ફોરમનુ ગરબા મેદાન આસ્થા અને આકર્ષણનુ કેન્દ્ર

ગાંધીનગર તા ૮

નવલી નવરાતની ઉજવણી અંતિમ ચરણમાં પહોંચી છે. વરસાદી વાદળો હટયા બાદ નગર આખુ આદ્યશક્તિની આરાધનામાં તલ્લીન બન્યુ છે. સેકટરોમાં સાંજ ઢળતા જ રંગબેરંગી રોશનીથી શણગારાયેલા ચાંચર ચોકમાં ગરબાની રમઝટ જામે છે. સંસ્થાકીય ગરબા મહોત્સવમાં પણ છેલ્લા બે દિવસ ખૈલેયાઓ મનમુકીને ગરબે ધુમી લેવા થનગની રહયા છે. કલ્ચરલ ફોરમમાં સાતમની રાત્રે મોટી સંખ્યામાં ખેલેયાઓ ગરબે ઘુમ્યા હતા. હાથમાં કલાત્મક છત્રી સાથે ખૈલેયાઓઓ અવનવા ગરબાના સ્ટેપ્સ સાથે ઝુમતા શ્રોતાઓ પણ દંગ રહી ગયા હતા. નવરાત પર્વમાં આ વખતે દસ નોરતા હોવાથી ખૈલેયાઓને એક દિવસ વધુ ગરબે રમવા મળશે. જો કે પ્રારંભિક તબક્કે વરસાદે મજા બગાડતા હવે નવરાતના બાકીના બે દિવસ એક ક્ષણ બગાડ્યા વિના ખૈલેયાઓ ગરબે ઘુમવા ઉત્સુક જોવા મળી રહયા છે.

નવલી નવરાતની ઉજવણી વરસાદી દિવસો પાર કર્યા બાદ અંતિમચરણમાં પહોંચી છે. શરૂઆતના પાંચ દિવસ વરસાદી વાતાવરણ વચ્ચે ખેલેયાઓ ભીંજાઈને પણ ગરબે ઘુમ્યા હતા. જયારે વરસાદી ભય વચ્ચે ગરબા પ્રેમીઓમાં



નિરાશા વ્યાપી હતી. આકાશમાં ગોરંભાયેલા વાદળો વચ્ચે વરસાદ રોજબરોજ ડોકીયુ કરતા ગરબા રસિકોનો મુડ ઓફ થઈ ગયો હતો. પરંતુ આખરે છઠ્ઠા નોરતાથી વરસાદે વિરામ લેતા બાકીના દિવસોમાં ગરબાની મજા લેવા માટે ખેલેયાઓમાં અનોખો ઉત્સાહ જોવા મળી રહયો છે. નવરાત અંતિમ તબક્કામાં છે. ત્યારે આદ્યશક્તિની ભકિત વંદના સાથે શહેરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થઈ છે. સેકટરોની શેરીઓમાં રાત્રે ગરબાની રમઝટ જામે છે.

જયારે સંસ્થાકીય ગરબા મહોત્સવમાં પણ ગરબાની રંગત નિહાળવા માટે નગરજનોની ભીડ ઉમટે છે. કલ્ચરલ ફોરમ આયોજિત ગરબા મહોત્સવમાં અંબાજી શક્તિ પીઠની પ્રતિકૃતિ સમાન મંચ અને ચુંદડીના થીમ આધારિત સુશોભન ગરબા રસિકો માટે આસ્થાની સાથે આકર્ષણનુ કેન્દ્ર બન્યુ છે. અદભુત કલાકૃતિથી તૈયાર કરાયેલા મંચ પરથી કલાકારો દ્વારા સુરીલા કંઠે રજુ થતા માતાજીના ગરબા અને રણકાર આપતા મધુર સંગીતના સથવારે ખૈલેયાઓ મનમુકીને ગરબામાં ધુમ મચાવે છે. જયઅંબે પરિવાર દ્વારા સતત ૨૭ વર્ષની પદયાત્રામાં સાથે રહેતા માતાજીના રથ અને અંબાજીથી ચાંચર ચોકમાં સ્થાપિત કરાયેલી દિવ્ય જયોતના દર્શનનો લાભ લેતા ગરબા પ્રેમીઓને નવરાત મહોત્સવનો દિવ્ય અનુભવ થઈ રહયો છે. નવરાત મહોત્સવ અંતિમ તબક્કામાં છે. છેલ્લા બે દિવસ મનભેર ગરબે ઘુમી લેવા માટે ખૈલેયાઓ તત્પર બન્યા છે.




# રૂપાલમાં આજે ભવ્ય પલ્લી મેળો

## ૧૨ લાખ ભાવિકો દર્શનનો લાભ લેશે, પલ્લી રથ પર પાંચ લાખ કિલો ઘીનો અભિષેક થશે

ગાંધીનગર, તા. ૮

રૂપાલમાં આજે વરદાયિની માતાજીનો ભવ્ય પલ્લી મેળો યોજાશે. પલ્લી રથ પર અંદાજીત ૫ લાખ કિલો ઘીનો અભિષેક થશે. જ્યારે ૧૨ લાખ જેટલા ભાવિકો પલ્લીના દર્શનનો લાભ લેશે. ભવ્ય પલ્લીમેળાને અનુલક્ષી વહીવટીતંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દેવાઈ છે. પલ્લી મેળાના ભાવિકોને ખીચડી-કઢીનો પ્રસાદ પણ પીરસવામાં આવશે. ગત વર્ષે પણ ભાવિકોએ ૪ લાખ કિલો ઘીનો અભિષેક કર્યો હતો.

ગાંધીનગર નજીક સ્થિત રૂપાલ ગામમાં આજે વરદાયિની માતાજીનો ભવ્ય પલ્લી મેળો યોજાશે. આ પલ્લી મેળામાં અંદાજીત ૧૨ લાખ જેટલા ભાવિકો દર્શનનો લાભ

● અનુસંધાન પાન-૭ પર




## સે. ૨૧ના અઢી વર્ષના બાળકને ડેન્ગ્યુ પોઝીટીવ જણાયો !

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરના હાર્દસમા સે. ૨૧માંથી ૨॥ થી ૩ વર્ષના આયુ ધરાવતા એક શિશુને ડેન્ગ્યુ પોઝીટીવ આવતાં સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આ સાથે દર્દીઓની સંખ્યા ૪૧ પર પહોંચી છે.

શહેરના વિવિધ વિસ્તારોમાં સતત મચ્છરના બ્રિડીંગ મળી રહ્યા છે તે ખુબ જ ચિંતાનો વિષય બન્યો છે. શહેરમાં વાહકજન્ય રોગચાળા માટે એન્ટી લારવેલની કામગીરીને પણ સઘન બનાવવામાં આવી છે.

શહેરમાં છુટા છવાયા કેસો મળી રહ્યા હોવાથી તંત્રની દોડધામમાં પણ વધારો થવા પામ્યો છે. આ ઉપરાંત વરસાદી વાતાવરણને પગલે પુનઃ મચ્છરોના બ્રિડીંગ માટેનું સાનુકૂળ વાતાવરણ બનતાં તંત્રએ વધુ એક વખત જનજાગૃતિ અભિયાન હાથ ધરવાનો નિર્ણય કરેલ છે.

આ વખતે નવા સેક્ટરોમાંથી કેસો વધુ સંખ્યામાં મળ્યા છે. આ ઉપરાંત શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી પણ છુટાછવાયા કેસો મળ્યા છે જે નોંધનીય છે.

## ગ્રામ વિકાસ એજન્સીની ગર્વનીંગ બોડીમાં ગેરહાજર રહેનાર અધિકારીઓનો ખુલાસો મંગાયો

### વન વિભાગના અધિકારીએ હાજરી આપવાનું ટાળ્યુ પ્રતિનિધિ મોકલ્યા પણ વિગતોથી પ્રતિનિધિ અજાણ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની (ગર્વનીંગ બોડી) વ્યવસ્થાપક મંડળની બેઠકમાં ગેરહાજર રહેનાર અધિકારીઓના ખુલાસા પુછવા તેમજ આવી મહત્વની બેઠકમાં પ્રતિનિધિઓને પુરતી માહિતી સાથે મોકલવામાં આવે તેવો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈના અધ્યક્ષપદે મળેલ ગર્વનીંગ બોડીમાં ત્રણ જેટલા અધિકારીઓની ગેરહાજરી હતી. વન વિભાગના અધિકારીએ હાજર રહેવાનું ટાળી પ્રતિનિધિ મોકલ્યા હતા પરંતુ પ્રતિનિધિ પાસે કોઈ જ પૂરક વિગતોની માહિતી ન હતી અને યોજનાકીય વિગતો પણ અધુરી હતી આ સામે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કડક વલણ અખત્યાર કરી ગેરહાજર સૌનો લેખિતમાં ખુલાસો માંગવાના આદેશો કર્યા હતા તો વન વિભાગને પુરતી તૈયારી સાથે બેઠકમાં આવવાની કડક તાકીદ કરી હતી.

ગર્વનીંગ બોડીની બેઠકમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત થયેલ

● અનુસંધાન પાન-૭ પર







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com